# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સાંપ્રદાયિક શાળાઓ મદમાં બોલતી રહે છે
આવી શાળાઓ ડોનેશન પર ડોલતી રહે છે
છોલતી રહે છે, એ વાલીઆને વાર-તહેવારે -
ગરીબો પ્રત્યે સૂગ પ્રવેશમાં ખોલતી રહે છે.
(ન્યાય કોર્ટની ચિંતા)

## હાઈકુ

છે સુરક્ષિત,
આંચકે હાથમાંથી -
નિર્ભય ગુંડા..
(સીની. સિટીજન લૂંટાયા)

માગે રિપોર્ટ
અહેવાલ રાહમાં -
ધીરજનાથ!
(નિવેદનીયા ગૃહમંત્રી)

## ચિંતન

**નિયત વિષયવર્તી પ્રાયશો દંડયોગા જ્જગતિ પરવશે અસ્મિન દુર્લભઃ સાધુવૃતઃ ।**
**કૃશમપિ વિકલંવા વ્યાધિતં બાધનં વા યતિમષિ કુલનારિ દંડભીત્યાભ્યુ ચૈતિઃ ॥**

આ આખું ય જગત પરવશ છે સૌ એકમેકના ભય અને દંડ-સજાની બીકથી નિયત-મર્યાદાનું પાલન કરતા રહે છે.

રાજા જો નિયમોનું પાલન કરાવવામાં ન્યાયી અને સજા આપવામાં કડક હોય તો પ્રજાજન સીધા સરળ રીતે ચાલે અને કાયદા-નિયમોનું ચૂસ્ત પાલન કરે પણ રાજા પોતે જ 'સોપરી' વેંચતો હોય અને 'એન્કાઉંટરીયો' હોય તો એનું તંત્ર કેવું હોય?

અધિકારી જાતે કડક હોય તો એના કર્મચારીઓ પણ ચૂસ્ત શિસ્તનું પાલન કરે પણ અધિકારી જાતે લાંચીયા હોય તો એના કર્મચારીઓ કેવા હોય?

દંડ અને સમાજના ભયથી કુલનારી કે (પુરુષ) સામાજિક મર્યાદાઓનું પાલન કરે છે.

સામાજિક દંડના ભયને કારણે સ્ત્રી પોતાના પતિની સેવા કરે છે, પછી પતિ ભલે ને કમાતો ધમાતો ન હોય, રોગી હોય, વ્યસની હોય કે ખોડખાંપણ વાળો હોય તો પણ - એવા પતિની મર્યાદાપાલન સહિત સેવા કરે છે.

## સુવિચાર

- લુત્ફ સફર કા લેના હો તો.. સાથ મેં સામાન કમ રખિયે... ઔર ઝિંદગી કા લુત્ફ લેના હો તો.. દિલ મેં અરમાન કમ રખીયે.. **- એસ. એમ. એસ.**
- જે સત્તાને તમે ઓળખો અને જેના હુકમનું તમે પાલન કરો તે તો ફક્ત અંતઃપ્રેરણાનો અવાજ છે.. જે પરિશુદ્ધ છે **- જે. કૃષ્ણમૂર્તિ**
- ઇચ્છાઓ જરૂરિયાતો નથી જ **- પૂજ્ય મોટા**
- તત્ત્વજ્ઞાન એટલે સત્ય અને સમજણ પ્રત્યેનો વ્યક્તિના રોજિંદા જીવનમાં લગાવ **- ખલિલ જીબ્રાન**
- સુખ એ આપણી મર્યાદા (નબળાઇ)નું અને દુઃખ એ આપણી શક્તિનું વજન કરનારું તટસ્થ ત્રાજવું છે **- શ્રીમદ્ - રાજચંદ્ર**
- એક પ્રેમાળ સ્ત્રી જેવું કોઇ ગુલામ આ જગતમાં નથી, અને તમામ પ્રેમાળ સ્ત્રીઓમાં એક માતા જેવું ગુલામ અન્ય કોઇ નથી **- જનકલ્યાણ**
- સુખ માટેની શોધ એ દુઃખનાં મુખ્ય કારણોમાંનું એક છે **- એસ. ભટ્ટાચાર્ય**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે હંમેશાં બીજાની ભૂલો-ટેવો-સ્વભાવ-વર્તણૂકમાં વાંધા-વચકા જ દેખાય છે અને એમને સદાય સુધારવાની ચિંતામાં જીવ બાળી દુઃખી થઇએ છીએ.

એક સ્ત્રીનો પતિ મનમોજી હતો. એ મરજી મુજબ ઉઠે હરે-ફરે અને પોતાની મસ્તીમાં જ આનંદથી રહે ઘરની ખાસ ચિંતા નહીં પણ સાદગી અને નિયમિતતામાં એમને કોઇ ન પહોંચે...

એની પત્ની એને ટોકી ટોકી તેને સુધારવામાં ખૂબ દુઃખી થઇ થાકી ગઇ હતી.

એકવાર એ ભગવાન બુદ્ધ પાસે ગઇ. સ્વામી હું ઘરનું બધું જ કામકાજ ચિવટપૂર્વક કરું છું પણ મારા પતિનો જરાય પણ સાથ-સહકાર નથી મળતો એને સમજાવી-સમજાવી હવે હું થાકી ગઇ છું. ખૂબ દુઃખી છું.

હું શું કરું?

ભગવાન બુદ્ધ સ્મિત સાથે શાંતિથી બોલ્યા - માઇ તું જ થોડી વધારે સુધરી જા તો તારા લગ્ન જીવનમાં આનંદ-મંગલ છવાઇ જશે!

સ્ત્રી કહે હું તો સુધરેલી જ છું. હજી શી રીતે સુધરું?

બુદ્ધ કહે - તું એને સુધારવાના પ્રયત્નો છોડીને તારી જાત ચિંતામુક્ત અને સુખી થઇ, સુધરી શકે...

Email - sureshchandrabhatt18@gmail.com

# વધુ પત્ની એ ઈસ્લામનું અભિન્ન અંગ નથી : સુપ્રિમ કોર્ટ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



દેશમાં મુસ્લીમ પર્સનલ કાયદો ભલે ચલણમાં હોય પરંતુ ભારતની સર્વોચ્ચ અદાલત ઈસ્લામ ધર્મમાં બહુ પત્નીત્વ પ્રથાને ઈસ્લામનું અભિન્ન અંગ માનતો નથી. સંવિધાનની કલમ ૨૫ માં જે અધિકાર દ્વારા સુરક્ષા પુરી પાડેલ છે જે મુજબ કોઈ એક ધર્મનું પાલન કરી ધર્મનિરપેક્ષ રીતે અદાલતે વર્તન કરવાનું હોય છે. જેનો મુસ્લીમ બહુ પત્નીત્વનો રીવાજ ભંગ કરે છે. પ્રથા એવી હોવી જોઈએ કે જે જનતાના સ્વાસ્થ્ય, સલામતી તથા નૈતિકતાનું રક્ષણ કરે, બહુ પત્નીત્વના ઈસ્લામીક ચલણમાં આ તમામ બાબતોનો તથા ઔચિત્વનો પણ ભંગ થાય છે. ધર્મનું કામ નૈતિક્તા વધારવાનું છે અધપતનનું નહી. બહુ પત્નીત્વ ચલણએ કોઈ પણ ધર્મનું અભિન્ન અંગે હોઈ શકે નહિ. આ માટે અનુચ્છેદની કલમ ૨૫ માં સુધારો કરવો આવશ્યક છે.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તી શ્રી ટી. એસ. ઠાકુર તથા શ્રી એ. કે. ગોપાલની ખંડપીઠે જણાવ્યું છે કે બહુ પત્નીત્વ પ્રથા એ ઈસ્લામનું અભિન્ન અંગ ગણી શકાય નહી. સામાજીક રીવાજનું અધિપત થાય તેવી રૂઢી કે પ્રથા કોઈપણ ધર્મમાં હોઈ શકે નહી. બહુ પત્નીત્વ પ્રથાને ધર્મની સ્વીકૃતિ એટલા માટે મળી છે કે તે માટે દ્રઢ માન્યતાવાળા લોકોની અનુમતિ હતી. ઉચ્ચ ન્યાયાલયે ઉત્તર પ્રદેશ સરકારે બહુ પત્નીત્વના કારણે કર્મચારીને નોકરીમાંથી વ્યભિચારના ગુન્હા બદલ કાઢી મુકેલ અને નોકરી બરખાસ્ત ગણવાના નિર્ણયને સાચો ઠરાવેલ સરકારની પરવાનગી વગર સરકારી કર્મચારીએ મુસ્લીમ કે ઈસ્લામીક ધર્મ અંગીકાર કરેલ હોય તો પણ એક પત્ની હોવા છતાં બીજી પત્ની કાયદેસરરીતે કરી શકે નહી. સુપ્રિમ કોર્ટે આ મુદ્દે ગુજરાત, અલ્હાબાદ તથા મુંબઈ હાઈકોર્ટે આપેલ ચુકાદાઓને માન્ય ગણી અનુચ્છેદ ૨૫ નો ભંગ કરનારને કાયદા દ્વારા રક્ષણ મળી શકે નહી. સામાજીક મુદ્દા ઉપર ધર્મનો વધતો પ્રભાવ એ ચિંતાજનક બાબત સુપ્રિમ કોર્ટે ગણેલ અને જણાવેલ કે આવા બનાવો બનતા રહેશે તો ભારત ક્યાં સુધી ધર્મ નિરપેક્ષ રહી શકશે ? એક રૂપ સીવીલ કોડ લાગુ પડવાની તરફેણ પણ સુપ્રિમ કોર્ટે કરેલ છે. ધર્મ વિશેષ કાયદા અન્વયે ઈસ્લામીક કોર્ટની માંગણી કરતી અરજી પણ સુપ્રિમ કોર્ટે ફગાવી જણાવેલ છે કે ભારત ધર્મ નિરપેક્ષ રાષ્ટ્ર છે પરંતુ આ પ્રકારના મુદ્દા સામે આવતા રહેશે તો ક્યાં સુધી ભારત ધર્મ નિરપેક્ષ રાષ્ટ્ર રહી શકશે તે એક સવાલ છે. અદાલતે કોઈપણ ધર્મ અંગે અલગ દ્રષ્ટીપાત કરી ન્યાય કરવાનો નથી પરંતુ ભારતના સંવિધાન મુજબ જ ધર્મ નિરપેક્ષ રહીને ન્યાય કરવાનો હોય છે. આમ ના બને તો અલગ અલગ ધર્મ માટે અલગ અલગ ન્યાય આપવો અને તે માટે અલગ કાયદા કાનૂન બનાવવા એ ભારત જેવા ધર્મ નિરપેક્ષ દેશ માટે શક્ય નથી. ન્યાયાલયનું કામ કાયદાનું પાલન કરાવવાનું છે, કાયદા બનાવવાનું નથી તે માટે સંસદ છે. સીવીલ ડીફેન્સ માટેના મામલા માટે ધર્મને અલગ કરવો જોઈએ તો જ દેશની સુખ, શાંતિ, સલામતી, ન્યાઈકતા, બૈધીકતા અને નિતિમતા જળવાશ અન્યથા જંગલ રાજનો ઉદ્દ્ભવ થશે.

ઉત્તર પ્રદેશના સિંચાઈ વિભાગમાં કામ કરતા ખુર્શીદ અહેમદ ખાને કરેલ પીટીશનને ફગાવી દેતા સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત મુદ્દાઓ ટાંકેલ અને જણાવેલ કે ખુર્શીદ અહેમદ ખાન પહેલાથી પરણિત હોવા છતાં એક પત્નીની હયાતી હોવા છતાં સંવિધાનની કલમ ૨૯ મુજબ પરવાનગી મેળવ્યા સીવાય બીજી પત્ની કરેલ અને તે મતલબની કબુલાત ઉત્તર પ્રદેશની પોલીસ સમક્ષ પણ કરી ઈસ્લામીક ધર્મ અનુસાર બહુ પત્નીત્વની સ્વીકૃતિ હોવાનું જણાવી પોતાનો બચાવ કરેલ જેનો ઉત્તર પ્રદેશની સરકારે અસ્વીકાર કરી સંવિધાનની કલમ ૨૫ નો ખુર્શીદ અહેમદ ખાને ભંગ કરેલ હોવાનું જણાવી નોકરીમાંથી બર્ખાસ્ત કરેલ જે અંગે ખુર્શીદ અહેમદ ખાને ઉત્તર પ્રદેશ હાઈકોર્ટના હુકમ સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં પીટીશન દાખલ કરતા નામદાર સુપ્રિમ કોર્ટે ઈસ્લામીક ધર્મમાં બહુ પત્નીત્વ હોવા અંગેની રૂઢીને ના સ્વીકારી માત્ર ભારતના બંધારણ મુજબ ધર્મ નિરપેક્ષ રાજય હોય બંધારણનું પાલન કરવું દરેક ધર્મના લોકો માટે ફરજીયાત છે તેમ માની અલગ અલગ ધર્મ પ્રમાણે તેના નિયમો પ્રમાણે સંવિધાનમાં સુધારો કરી શકાય નહી તેમજ ધર્મ મુજબ અલગ અલગ કાયદા કાનૂન બની શકે નહી પણ કાયદા અને કાનૂન મુજબ જ ધર્મનું પાલન કરવું જોઈએ. તેવું સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે.

# આપણે ધાર્મિક નથી, સાંપ્રદાયિક છીએ!

## રોહિતોપદેશ

- રોહિત શાહ

એક શાયરની આ માર્મિક પંક્તિ વાંચો :

'ગીતા હૂં મૈં - કુરાન હૂં મૈં,
મુઝ કો પઢ - ઈન્સાન હૂં મૈં'

જેના કેન્દ્રમાં ઈન્સાન ન હોય એવા અધ્યાત્મ સાથે આપણને નાહવા-નિચોવવાનોય નાતો ન હોવો જોઈએ.

ધર્મના સિંહાસન પર જયારે સંપ્રદાય ચડી બેઠો હોય ત્યારે એ સખણો શી રીતે રહે?

ધર્મ વિશાળ અને ખુલ્લા મનનો હોય છે, સંપ્રદાય સંકુચિત અને બંધિયાર મનનો હોય છે. ધર્મ કોઈનો અલગ ન હોઈ શકે, સંપ્રદાય સૌના જુદા હોય. આકાશ સૌના માટે એક જ છે, પણ ઘરનું છાપરું તો સૌનું જુદું જ હોવાનું. ફૂલ સૌના માટે સમાન હશે, પરંતુ વાડી કે બગીચા પોતપોતાના હોઈ શકે છે.

આકાશ અને ફૂલ ધર્મ છે, જયારે છાપરું અને વાડી સંપ્રદાય છે.

આપણે ત્યાં એક કહેવત છે : જર, જમીન અને જોરું એ ત્રણ કજિયાનાં છોરું. એટલે કે સંપત્તિ, જમીન અને સ્ત્રીના કારણે જ સંસારમાં યુદ્ધો થતાં હોય છે. આ વાત સાચી છે, પણ સંપૂર્ણ નથી. એક ચોથી ચીજ પણ છે, જેના કારણે વારંવાર યુદ્ધો થયાં છે અને એ ચીજ છે સંપ્રદાય. ઘણા લોકો એવી ગેરસમજ રાખે છે કે ધર્મનાં નામો યુદ્ધો થાય છે. ધર્મ તો યુદ્ધને શાંત પાડનારું તત્ત્વ છે. સાચો ધર્મ તો સદાય સમભાવ અને સદ્ભાવ જ પ્રસારે. સંપ્રદાયને જ એટલા મોકળા થવાનું પરવડતું નથી. દરેક સંપ્રદાય પોતાને શ્રેષ્ઠ અને બીજાને ઊતરતો સમજે છે; એટલું જ નહીં, પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરવા માટે દરેક સંપ્રદાયે ઝાકઝમાળવાળાં પાખંડ કરવા પડે છે. આડંબરની સ્પર્ધા થતી હોય ત્યાં યુદ્ધ ન થાય તો જ નવાઈ!

સંપ્રદાય હંમેશા પોતાને શ્રેષ્ઠ માને છે એટલે યુદ્ધ થવું સ્વાભાવિક છે. ધર્મ હંમેશા બીજાને શ્રેષ્ઠ માનવા કહે છે એટલે યુદ્ધને ત્યાંથી ઉચાળા ભરવા પડે છે. આપણાં કહેવાતા ધર્મગુરુઓ આપણને સાચો ધર્મબોધ નથી આપતા, તે લોકો તો પોતપોતાના સંપ્રદાયના સેલ્સમેનો છે. તેઓ પોતાના સંપ્રદાયની કંઠીઓ પહેરાવે છે, પોતાના સંપ્રદાયનાં વ્રત-તપ કરાવે છે, પોતાના ગુરુઓનાં મંદિરો બનાવરાવે છે અને પોતાની આરતીઓ ઉતરાવે છે.

એક સંપ્રદાયનું ભવ્ય મંદિર નિર્માણ પામશે એટલે બીજા સંપ્રદાયવાળો એનાથી ચડિયાતું મંદિર બનાવવા મેદાનમાં ઊતરશે, લાખો-કરોડોના ખર્ચે પોતાના દ્વેષભાવને પોષવાના ઉધામા કરશે.

દર વર્ષે શ્રદ્ધાળુ ભક્તોના કરોડો રૂપિયા આવી સાંપ્રદાયિક સ્પર્ધાઓ પાછળ વેડફાય છે. જો કે એને લેબલ ધર્મનું લગાડેલું હોવાથી ભોળા ભક્તો છેતરાતા રહે છે. કયાંક તો વળી ચમત્કારની સ્પર્ધાઓ થતી રહે છે.

ચારિત્ર્ય ન હોય ત્યાં ચમત્કાર દ્વારા જ પ્રભાવ પાડવાનો રહે ને! આપણે, ત્યાં જેટલા બાપુઓ, સ્વામીઓ, ગુરુઓ, આચાર્યો અને મઠાધિપતિઓ, ગચ્છાધિપતિઓ છે તેમાં ભાગ્યે જ કોઈ ધર્માત્મા હોય છે. આખરે તો તે બધાંય પોતપોતાના સંપ્રદાયના એજન્ટો કે માલિકો જ હોય છે.

સંપ્રદાયની ઝાકઝમાળ માટે આપણે જેટલાં ધન-સંપત્તિ વેડફીએ છીએ એટલાં માનવતા માટે વપરાતાં થાય તો ગરીબીને આપણા દેશમાં રહેવાનું ભારે પડી જાય. માણસે બનાવેલાં ઈશ્વરને તો આપણે માર્બલનાં મંદિરો અને મોંઘા પ્રસાદોથી પ્રસન્ન કરવાના ઉધામા કરીએ જ છીએ. પરંતુ ઈશ્વરે બનાવેલા માણસની આપણે જાણ્યા - અજાણ્યે જે અવદશા કરતા રહ્યા છીએ એ તરફ હવે આપણે નજર માંડવી જ પડશે.

બદનસીબી તો એ છે કે આપણી સાંપ્રદાયિકતા ભવ્ય અને ભ્રષ્ટ છે, એમ આપણી બિનસાંપ્રદાયિકતા પણ સડેલી છે. આપણી બિનસાંપ્રદાયિકતા મોટા ભાગે પોલિટિકલ અને પલાખાંવાળી હોય છે. આપણને ટોળા જોઈએ છે, આપણને વાહવાહી જોઈએ છે. આ બધું ધર્મ પાસેથી કદી મળવાનું નથી. એ માટે તો પોતાના ખાસ સંપ્રદાય અને સમુદાય બનાવવા જ પડે. જેને ધર્મ જોઈએ છે, જેને સાત્ત્વિક શાંતિ જોઈએ છે, જેને પરમ સત્ય પામવાની તાલાવેલી છે તે કદી સંપ્રદાય તરફ જોતો પણ નથી. એવા અલગારી માણસને ન તો કોઈ ગુરુનાં ચરણામૃત ચાટવાં પડે છે કે ન તો કોઈ ગ્રંથ ગોખવા પડે છે, એને ન તો કોઈ બાવાની કંઠીઓ 'કંઠસ્થ' કરવી પડે છે કે ન તો દર મહિને એની પાસે માંગલિક સાંભળવા જવાની ફિલ્ડીંગ ભરવી પડે છે. સાચો ધર્મ તો ગુરુઓ અને ગ્રંથોની સીમાઓથી પર અને ઉપર છે. સહેજ કડવી વાત લાગે તો ભલે, પણ સાંભળો : ખરી વાત એ છે આપણા કહેવાતા ગુરુઓ અને ગ્રંથો તો સાચા ધર્મ સુધી પહોંચવાના આપણા માર્ગના અવરોધો છે. એમની પકડમાંથી મુક્ત થઈ શકાય ત્યારે જ સાચા ધર્મનાં દર્શન થઈ શકશે અને ત્યારે જ આપણે કહી શકીએ - નો પ્રોબ્લેમ.

# બહેન, માતૃત્વની ઝંખના જ માનવીને કયારેક નિર્દય અને લાચાર બનાવે છે, મારી શેલી મને મળી ગઇ પછી ફરિયાદ શેની કરવાની? પ્રભુને પ્રાર્થુ કે એક દિવસ તમારે ખોળે બાળક રમતું કરે, ઇશ્વર પર શ્રદ્ધા રાખજો

## ડાઘ

- જય ગજ્જર

કેથીએ ઘરે પહોંચી પર્સમાંથી ચાવી કાઢી ઘર ખોલવા જતી હતી ત્યાં ઘર ખુલ્લું જોઇ એ આશ્ચર્ય પામી. ડ્રોઇંગરૂમમાં શૈલી કે બેબી સિટર લીસા પણ ન દેખાતા એ શેલીની રૂમમાં ગઇ. લીસાને પલંગ સાથે બાંધેલી જોઇ એ ફફડી ઊઠી એને છોડતાં પૂછ્યું, "શું થયું લીસા? શેલી કયાં છે?"

લીસાએ રડતાં રડતાં કહ્યું, "ડોરબેલ વાગતાં દોડીને મેં ઘર ખોલ્યું, એક કાળિયો ઘરમાં ધસી આવ્યો. મારા મોઢા પર ડૂચો મારી હુકમ કર્યો, 'જો જરા કે બૂમાબૂમ કરી છે તો તને જાનથી મારી નાખીશ. મને પલંગ સાથે બાંધી શેલી પર ચાદર ઢાંકી શેલીને લઇ એ ભાગી ગયો."

"મારી શેલીને એ ગુંડો કયાં લઇ ગયો હશે?" કેથી વ્યાકુળ બની રડતાં રડતાં બબડી.

લીસાએ પૂછ્યું, "તું એને ઓળખી શકે?"

"ના ઘરમાં પેસતાં જ મોઢામાં ડૂચો મારી મારા પર એક કપડું નાખી દીધેલું. હા, પણ એના જમણા પગે મોટો સફેદ ડાઘ હતો."

> **"ડોરબેલ વાગતાં દોડીને મેં ઘર ખોલ્યું, એક કાળિયો ઘરમાં ધસી આવ્યો, મારા મોઢા પર ડૂચો મારી હુકમ કર્યો, 'જો જરા કે બૂમાબૂમ કરી છે તો તને જાનથી મારી નાખીશ, મને પલંગ સાથે બાંધી શેલી પર ચાદર ઢાંકી શેલીને લઇ એ ભાગી ગયો"**

કેથી ચમકી. એના એક વખતના બોયફ્રેન્ડ માઇકના જમણા પગે એક સફેદ ડાઘ હતો. એ એના ઘેર દોડી ગઇ. માઇક એના પોર્ચમાં બેસી બીઅર પીતો હતો.

એની ફેંટ પડકી એને ઊભો કરી ત્રાડ પાડી, "હમારખોર, બોલ મારી શેલી કયાં છે?"

માઇક કેથીના અચાનક હુમલાથી ચમકી ગયો અને ધીરેથી બોલ્યો, "તારી શૈલીની મને શી ખબર! તું આમ ગભરાયેલી કેમ લાગે છે?"

"નફ્ફટ, એક તો મારી શૈલીને ઉપાડી ગયો છે અને મારી આગળ ઢોંગ કરે છે!"

કેથીનો હાથ પકડી ધીરે રહીને પુછ્યું, "કેથી, શાંત થા, શી વાત છે? શેલીને કોઇ ઉપાડી ગયું છે?"

"હાં તું આજ મારે ઘેર આવેલો ને? મારી શેલીને બેભાન બનાવી મારી બેબી સીટરને પલંગ સાથે બાંધી તું ભાગી આવ્યો. લીસાએ તારા જમણાં પગ પર સફેદ ડાઘ જોયાની વાત કરી. તે મારું ઘર જોયેલું. એટલે હું દોડી આવી. નફ્ફટ તું મને ન મેળવી શક્યો એટલે બદલો લેવા મારી શેલીનું અપહરણ કર્યું. બોલ કયાં છે મારી શેલી?"

"કેથી, હું તારે ઘેર આવ્યો જ નથી. પણ તારી વાત પરથી મારે ગળે કંઇક ઊતરે છે. કદાચ હું તને મદદ કરી શકું. ચાલ મારી સાથે."

એની કારમાં કેથી સાથે બેસતાં એ બોલ્યો, "આવી જ ભૂલ ત્રણેક વર્ષ પહેલાં પોલીસે કરી હતી. એક રીઢા ગુનેગારના જમણા પગે મારા જેવો જ સફેદ ડાઘ છે. એને ત્યાં તપાસ કરીએ. કદાચ શેલી મળી જાય!"

એક ઘરના પાર્કિંગ લોટમાં માઇકે કાર પાર્ક કરી.

ડોર બેલ મારતાં એક આધેડ વયની સ્ત્રીએ પુછ્યું, "કોનું કામ છે?"

"તમારા પતિ ઘેર નથી?"

"ના એ કંઇક કામે ગયા છે."

"કોઇ દુકાન લૂંટવા કે કોઇનું ઘર ભાંગવા ગયા છે?" કેથીએ એના મનનો ઊભરો ઠાલવ્યો.

"મારા પતિ પર ખોટું આળ ચઢાવનાર તમે કોણ છો? ભાનમાં તો છો ને?"

"હાં, એ પૂરા ભાનમાં છે. તમારા પતિ જે છોકરીને ઉપાડી લાવ્યા છે એને કયાં સંતાડી છે?"

"તમે શેલીની વાત કરો છો? એ તો એરપોર્ટ પર 'મા... મા...' કરતી રડતી હતી. નિરાધાર હોવાથી દયા ઉપજતાં એને અમારે ઘેર લાવ્યા છે. દસ વર્ષથી મને બાળક ન થતાં હું એમની સાથે બાળક માટે જીદ કરી ભીખ માગતી હતી. મને ખબર નહિ કે એનું અપહરણ કરીને લાવ્યા છે. "

"હાં, આ એની મા છે."

"બહેન, તમારી બેબી હોય તો એને લઇ જાઓ, એક માની મમતા હું કલ્પી શકું છું." કહેતાં શેલીને બુમ પાડી.

બહાર આવતાં જ શેલી બોલી, "મમ્મી, હું કયાં છું? આ બહેન મને જમવાનો બહુ આગ્રહ કરતાં. બહેનન બહુ સારાં અને માયાળું છે. પણ અજાણી વ્યક્તિ કંઇ પણ આપે તો નહિ લેવાની વાત કરેલી એટલે મેં કંઇ જ ખાધું નથી."


"હા, બહેન. શેલી બહુ નમણી અને સમજુ બાળા છે. એને તમારે ઘરે લઇ જાઓ. મારા પતિ આવતાં એમનો ઉઘડો લઇશ. એક માની આંતરડી કકળાવી મારે બાળક ન જોઇએ. મહેરબાની કરી પોલીસમાં ફરિયાદ ન કરતાં. ત્રણ વર્ષ પછી ગયાં અઠવાડિયે જ જેલમાંથી છૂટ્યા છે. સજ્જન બની રહેવાનું મને વચન આપેલું. પણ એક બાળક માટેની મારી ઝંખનાએ જ મને રાજી કરવા એમને આ કુકર્મ કરવા પ્રેર્યા હશે." બે હાથ જોડી માફી માગતાં બોલી.

"બહેન, માતૃત્વની ઝંખના જ માનવીને કયારેક નિર્દય અને લાચાર બનાવે છે. મારી શેલી મને મળી ગઇ પછી ફરિયાદ શેની કરવાની? પ્રભુને પ્રાર્થું કે એક દિવસ તમારે ખોળે બાળક રમતું કરે. ઇશ્વર પર શ્રદ્ધા રાખજો." કહેતાં હરખઘેલી બની માઇકનો આભાર માની માઇક સાથે શેલીને લઇ ચાલી નીકળી.

# ચમત્કારિક ઈલાજ એટલે પાણી-પ્રયોગ

લોકો પોતાના આરોગ્ય માટે જરા પણ દરકાર રાખતા નથી, નાની અમથી બિમારીમાં ડોકટર પાસે દોડી જવાની જીવલેણ બીમારી છે, અગાઉના વખતમાં લોકોનું જીવન શ્રમમય અને ખાનપાન સાદું હતું. એ કારણે રોગોનાં અવનવાં નામ સાંભળવા મળતાં નહિ. હવે ખાવા-પીવાની ચમકદમક અને બજારું ચીજોની વપરાશે માનવીને પાગલ બનાવી દીધો છે.

માથાનો દુઃખાવો, બ્લડપ્રેશર, સંધિવા, લકવો, બેહોશી, બલ્ડ કોલેસ્ટ્રોલ, કફ, ખાંસી, દમ, ટી.બી, મેનન્જાઇટિસ, લીવરને લગતાં રોગો, પેશાબની બીમારીઓ, એસિડીટી, ગેસ ટ્રબલ, મરડો, કબજિયાત, હરસ, ડાયાબિટીસ, આંખની બિમારીઓ, સ્ત્રીઓનું અનિયમિત માસિક પ્રદર, ગર્ભાશયનું કેન્શર, નાક અને ગળાના રોગોનો રામબાણ ઇલાજ 'પાણી' થકી થઇ શકે છે.



પાણી પીવાની રીત આ પ્રમામે છે : વહેલી સવારે ઉઠીને મોઢું ધોયા વગર કે બ્રશ-દાતણ કર્યા વગર ૧૨૫૦ ગ્રામ પાણી (૪ મોટા ગ્લાસ) એક સાથે પી જવું. તે પછી ૪૫ મિનિટ સુધી કંઇ ખાવા પીધા પછી બ્રશ-દાતણ-કોગળા કરી શકાય, આ પ્રયોગ ચાલુ કર્યા પછી સવારે નાસ્તા પછી અને બપોરે તથા રાત્રે જમ્યા પછી બે કલાક પછી પાણી પીવું અને રાત્રે સૂવાના અડધા કલાક પહેલાં કંઇ ખાવું નહિ. બીમાર તથા નાજુક પ્રકૃતિના માણસો એક સાથે ચાર ગ્લાસ પાણી પી ન શકે તો એક અથવા બે ગ્લાસથી શરૂઆત કરી. ધીમે ધીમે વધારી પ્રયોગપૂર્ણ કરો. આ પ્રયોગ પછી ૧ માસમાં હાઇ બ્લડપ્રેશર, ૨ દિવસમાં ગેસની તકલીફો, ૧ અઠવાડિયામાં ડાયાબિટીશ, ૨ દિવસમાં કબજિયાત, ૩ માસમાં ટી.બી. જેવા રોગો સામે ચોક્કસ રાહત થાય છે. ત્રણેક દિવસ પેશાબના પ્રશ્ન રહેશે. ત્યારબાદ રેગ્યુલર થઇ જાય છે.

છમકાવેલું પાણી એક અકસીર ઔષધ છે. તેની પદ્ધતિઓ પાછળ દર્શાવ્યા મુજબ છે.

- આશરે ૫૦૦ ગ્રામ લોખંડનો ટુકડો લઇ ગેસ/ચૂલા ઉપર તપાવો. પછી ચાર લિટર પાણીમાં તે ટુકડા નાંખી ઠંડો દવા દો. પછી તે પાણીને કપડાથી ગાળી માટલા-વાસણમાં ભરો. આ પાણીથી પાંડુરોગ, હજમ, ક્ષય એન ચાલભા લાગતો થાક દરેકમાં ફાયદો થશે.
- તાંબાના ટુકડો લઇ પાણી તૈયાર કરી નિયમિત લેવામાં આવે તો કબજિયાત, હાઇ બ્લડપ્રેશર, હરશ-મસા, હાર્ટ એટેલ જેવા રોગોનો ઇલાજ થઇ શકે, આ પ્રયોગ દરમિયાન કોઇ પણ પ્રકારના ખટાશવાળા પદાર્થો ખાવા-પીવા નહિ.
- ૫૦૦ ગ્રામ જેટલા વજનના માટીના નળિયાના ટુકડાનું ઉપર મુજબ પાણી તૈયાર કરી શકાય છે. જેનાથી વાયુ, હિસ્ટીરીયા, ઉધરસ-શરદી વગેરેના દર્દીઓ માટે ઉપકારક થશે. જૂની ઉધરસ માટે હળદર અને સાકરવાળા પાણીમાં ઠીકરું ગરમ કરીને તેની પાણી બનાવો. તે પાણી અતિશય ફાયદાકારક થશે.
- પંચધાતુ જળ પ્રયોગ પ્રમાણે તમારે લોખંડ, તાંબુ, માટી, ચાંદી અને સોનાને એક સાથે ગરમ પાણીમાં નાખીને ચમત્કારિક ગુણો ધરાવતું ઔષધ તૈયાર થઇ શકે છે. કોઇ પણ વ્યક્તિ બેભાન અવસ્થા અથવા મૂર્છા પામ્યો હોય તો મોંમાં થોડાંક ટીપાં નાખવાથી થોડીવારમાં ભાનમાં આવી જાય છે. વળી, ઊલટીઓ થતી હોય, શ્વાસનળી ખરાબ થઇ ગઇ હોય તો આ પ્રયોગ ચોક્કસ લાભ કરે છે.

આમ માનવીના કલ્યાણ અને સ્વાસ્થ્યને ઉપકારક પથોચિત ઘરગથ્થું વૈદું રૂપ આ પ્રયોગ મૂક્યો છે. પ્રયોગ ક્રમશઃ કરવો. કદાચ કંઇ પણ આડસર જણાય તો તુરંત બંધ કરી દેવો.

ૐ સર્વજન સુખાય...

- વાસુદેવ બી. જોશી